શામપુરના ક્વોરી પ્રકરણ વિવાદમાં ભીનું સંકેલાયાની લોકચર્ચા

અધિકારીઓએ સ્થળ ઉપર જઈ ખાનાપૂર્તિ કરી : ખોદકામથી દંતકથારૂપ મેરાયાનું અસ્તિત્વ જોખમમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮ મોડાસા તાલુકાના શામપુરના સીમાડામાં ડુંગરની લીઝમાં આડેધડ બ્લાસ્ટીંગ તેમજ ગેરકાયદેસર ખનિજ ખોદકામ થતું હોવાની ઉઠેલી ફરિયાદોમાં ભીનું સંકેલાયાની ચર્ચા જાગી છે. અધિકારીઓએ સ્થળ ઉપર જઈ માત્ર ખાનાપૂર્તિ કરી સંતોષ માની લેતાં ડુંગરની તળેટીમાં થતા ખોદકામના કારણે ડુંગરની ટોચ ઉપર સ્થિત દંતકથારૂપ મેરાયાનું અસ્તિત્વ જોખમાય તેવી દહેશત પંથકની પ્રજાએ વ્યક્ત કરી છે. છેલ્લા કેટલાય સમયથી ક્વોરીમાં ખોદકામને મુદ્દે વિવાદે જોર પકડ્યું હતું અને રાતો રાત નેતા થવા માટે કેટલાકે પગે ઘૂઘરા બાંધ્યા હતા પરંતુ મુખ્ય આશયમાં શું ઉકાળ્યું તે પ્રજા સમક્ષ આવી શક્યું ન હોવાથી ક્વોરીના વિવાદમાં ઘી ના ઠામમાં ઘી ઠરી ગયાની વ્યાપક ચર્ચાઓ ચાલી રહી છે.

જિલ્લામાં ખાણખનિજ વિભાગની ખાંરી નીતિના કારણે હર્યા ભર્યા ડુંગરો નામશેષ થવા લાગ્યા છે. સરકારી ધારાધોરણો મુજબ લીઝ આપ્યાના બહાના હેઠળ ગેરકાયદેસર બ્લાસ્ટ કરી આડેધડ પથ્થરોનું ખોદકામ થતાં કેટલાક વિસ્તારોમાં તો આખે આખા ડુંગર ગાયબ થઈ ગયા છે. મોડાસા તાલુકાના શામપુરના સીમાડામાં દંતકથારૂપ ડુંગરની ટોચ ઉપરનું મેરાયું દિવાળીના દિવસોમાં આખા ગુજરાતમાં ચર્ચા સ્થાને રહેતું હોય છે. દિવાળી પર્વના દિવસે ૧૩ ફૂટના મેરાયામાં ઘી પૂરી પ્રગટાવવામાં આવતું

હોય છે. ડુંગર ઉપર સ્થિત મેરાયાની જ્યોત પ્રગટ્યા પછી જ આસપાસના ગામોમાં દિપાવલીના પર્વની ઉજવણી વર્ષોથી થતી આવી છે પરંતુ હવે મેરાયું ભૂતકાળ બની જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. ડુંગરની તળેટીમાં પથ્થર કાઢવા માટે વિભાગ દ્વારા લીઝ આપી દેવામાં આવી છે અને રાત-દિવસ ખોદકામ થતું હોવાના કારણે રળીયામણો લાગતો ડુંગર હવે કદરૂપો બનવા લાગ્યો છે. શામપુર ગ્રામ પંચાયતની સીમમાં જે વિસ્તારમાં લીઝ આપવામાં આવી છે તે સ્થળે આડેધડ બ્લાસ્ટ થવાથી ગ્રામજનો ઘણા સમયથી પરેશાન બની ગયા છે. ક્વોરીમાંથી ઉડતા ડસ્ટના કારણે ખેતીને પણ નુકસાન થતું હોવા સહિતની ફરિયાદો ઉઠ્યા પછી ઉચ્ચ કક્ષાએ લેખિતમાં રજૂઆત થતાં જવાબદાર તંત્રના અધિકારીઓ દોડતા થયા હતા. શરૂઆતમાં યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાતું હતું પરંતુ આખાય પ્રકરણમાં કંઈક રંધાઈ ગયું છે. ક્વોરીના ખોદકામના કારણે દંતકથારૂપ મેરાયું ભૂતકાળ બની જાય તેવી દહેશત હોવાના કારણે કાયમી ધોરણે લીઝનમાં ખોદકામ બંધ થાય તો જ આ વિસ્તારના ઈતિહાસરૂપ મેરાયાને બચાવી શકાય તેમ છે તેવું પ્રજાજનો બોલી રહ્યા છે પરંતુ ઉચ્ચ કક્ષાની ફરિયાદો જાણી જોઈને હોંશિયામાં ધકેલાઈ જતાં ડુંગર તો ઠીક પરંતુ મેરાયું પણ આવનારા સમયમાં ખોદકામના કારણે અદ્રશ્ય થઈ જાય તેવી દહેશત છે.

ભાજપમાં અવગણના : સાબરકાંઠા, અરવલ્લીના માલધારીઓમાં રોષ, પ્રદેશમાં રજૂઆત થશે

૬૫,૦૦૦ની વસતીને સંગઠનમાં અન્યાય કોના ઈશારે..??

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા ભાજપનું નવું સંગઠન માળખું જાહેર થયું જેમાં માલધારી સમાજને યોગ્ય સ્થાન ન મળતાં રોષ પ્રસર્યો છે. ૧૪ તાલુકામાં ૬૫,૦૦૦થી વધુ વસતી ધરાવતા સમાજને કોરાણે મૂકાતાં સમાજના કેટલાક યુવાનોની યોજાયેલી બેઠકમાં પ્રદેશમાં રજૂઆત કરવામાં આવશે અને ન્યાય નહીં મળે તો ૨૦૨૨ ની વિધાનસભા બેઠકમાં ભાજપ છોડી અન્ય પક્ષમાં જોડાવવા બાબતે ચર્ચા થયાની વિગતો સાંભળવા મળી છે.

વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની તમામ ૭ બેઠકો ઉપર ભાજપનું કમળ ખીલે તે માટે પ્રદેશ સંગઠનની સૂચના અનુસાર બંન્ને જિલ્લાના સંગઠન હોદ્દેદારોએ તૈયારીઓ શરૂ કરવાની સાથે સરકારની કામગીરી, લોક કલ્યાણની યોજનાઓ પ્રજા સુધી પહોંચાડવા કાર્યકરોને જણાવ્યું છે. હમણાં જ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ દ્વારા મહિલા મોરચો, વિવિધ મોરચા, યુવા મોરચા સહિતના સંગઠન હોદ્દેદારો અને કારોબારીની રચના જાહેર કરવામાં આવી છે. પરંતુ સંગઠનમાં માલધારી સમાજને સ્થાન આપવામાં આવ્યું નથી. ભાજપે માલધારી સમાજને કરેલા અન્યાય સામે તમામ તાલુકાઓમાં રોષ જોવા મળ્યો છે. આ અગાઉ ધનસુરા તાલુકા પંચાયતના પૂર્વ સદસ્યએ સોશ્યલ મીડીયામાં પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. ધીરે ધીરે સમગ્ર જિલ્લામાં તેનો આક્રોશ દેખાયો છે. માલધારી સમાજના અગ્રણીએ આપેલી જાણકારી મુજબ બંન્ને જિલ્લાના રાજકીય આગેવાનોની બેઠક મળી હતી જેમાં ભાજપના પ્રદેશ હોદ્દેદારોને સમાજની અવગણના અંગે રૂબરૂ મળી રજૂઆત થશે. ન્યાય નહીં મળે તો ભાજપથી અલગ થઈ અન્ય પક્ષ સાથે જોડાવવા માટે પણ ઉતાવળીયા યુવાનોએ પોતાના અભિપ્રાય આપ્યા છે.

અરવલ્લી જિલ્લામાં કસાઈ બેફામ : ગૌવંશને કતલખાનામાં ધકેલવાની પ્રવૃત્તિ સામે પોલીસનાં આંખમિચામણાં

પોલીસને માત્ર દારૂ ભરેલાં વાહનોમાં વધુ રસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી પશુઓને ગેરકાયદે કતલખાનામાં ધકેલવાની પ્રવૃત્તિ સામે પોલીસે આંખ મિચામણાં કરી લેતાં જીવદયા પ્રેમીઓમાં આક્રોશ પ્રવર્તિ રહ્યો છે. રાત-દિવસ માર્ગો ઉપર ક્રૂરતાપૂર્વક પશુઓને ઠાંસી ઠાંસીને ભરી કતલ માટે મોકલવામાં આવી રહ્યાં છે પણ આશ્ચર્ય વચ્ચે પોલીસને માત્ર દારૂ ભરીને દોડતા વાહનો જપ્ત કરવામાં વધુ રસ હોવાથી કસાઈઓ બેફામ બન્યા છે. ખાસ કરીને શામળાજી સરહદેથી રાજસ્થાનમાંથી મોટાપાયે ગૌવંશને મહારાષ્ટ્રના કતલખાનામાં ધકેલવાની પ્રવૃત્તિ હમણાંથી વેગવંતી બની છે. એટલું જ નહીં પરંતુ સ્થાનિક ગેરકાયદેસર કતલખાનાઓમાં પણ ગૌવંશની રોકટોક વગર કતલ થઈ રહ્યાની વ્યાપક ફરિયાદો છે. પોલીસે માત્ર ને માત્ર દારૂની હેરાફેરી ઉપર હાલમાં ધ્યાન કેન્દ્રીત કરતાં મૂંગા પશુધનને કતલખાનાઓમાં બેરહેમીપૂર્વક મોતને ઘાટ ઉતારવામાં આવતાં જીવદયા પ્રેમીઓ સમસમી ઉઠ્યા છે.

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા દેશી-વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે સતત સૂચનાઓ આપવામાં આવતી હોય છે જેથી બંન્ને જિલ્લાની પોલીસ મને ક મને દારૂ ભરેલાં વાહનો જપ્ત કરી સારી કામગીરી થતી હોવાનો દેખાડો કરે છે પરંતુ મૂંગા પશુધનને કતલખાનામાં ધકેલનારાઓ પ્રત્યે કૂણી લાગણી રાખવામાં આવતી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. દારૂ ભરેલાં વાહનોની સાથે હાઈવે માર્ગો ઉપર ગૌવંશને કતલખાનાઓમાં ધકેલવાનું વ્યવસ્થિત નેટવર્ક ઘણા લાંબા સમયથી ચાલી રહ્યું હોવા છતાં પોલીસ માત્ર એકાદ-બે વાહનો જપ્ત કરી તેમની સામે પશુ ક્રૂરતા ધારા હેઠળ ગુનો નોંધે છે પરંતુ બીજી તરફ કસાઈઓ સામે કોઈપણ કારણોસર આંખ મિચામણાં કરવામાં આવતાં હોય છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અંતરીયાળ માર્ગો ઉપર દારૂ ભરેલાં વાહનોની સાથે હવે મૂંગા પશુધનને કતલખાનામાં ધકેલવાનું પૂરજોશમાં નેટવર્ક શરૂ થયું છે. ગૌવંશની કતલ ઉપર પ્રતિબંધ હોવા છતાં નાના-મોટા વાહનોમાં ક્રૂરતાપૂર્વક બાંધી ગેરકાયદેસર કતલખાનાઓમાં ધકેલવાની પ્રવૃત્તિએ માજા મૂકી છે. ઉચ્ચ કક્ષાએથી અપાયેલા આદેશોને કારણે પોલીસે પણ વિદેશી દારૂ ભરીને જતા વાહનો ઉપર નજર ટેકવી હોય તેમ કામગીરી થઈ રહી છે.

ગૌ તસ્કરી અટકાવવા માટે આવેદન અપાયું

બાયડ : જિલ્લામાં ગેરકાયદેસર રીતે મૂંગા પશુધન સાથે ખાસ કરીને ગૌ વંશને કતલખાનામાં ધકેલવાનો ધિક્કતો ધંધો શરૂ થયો છે. છેલ્લા કેટલાક સમયથી ગૌ તસ્કરીના બનાવોથી પશુપાલકો તેમજ માલધારીઓ ચિંતિત બની ગયા છે. પશુઓની તસ્કરી કરી ગેરકાયદેસર કતલખાનામાં ધકેલવામાં આવતાં હોવાની ફરિયાદ વચ્ચે અરવલ્લી જિલ્લામાં આ પ્રવૃત્તિ અટકાવવા માટે વિહોતર ફાઉન્ડેશન ગુજરાત પ્રદેશ પ્રભારી ધનજીભાઈ દેસાઈ દ્વારા જિલ્લા કલેક્ટરને તાજેતરમાં આવેદનપત્ર આપવામાં આવ્યું છે જેમાં ગૌ માતાને રાષ્ટ્રીય માતા જાહેર કરી સંરક્ષણ આપવું, ગૌ હત્યા અને તસ્કરી કરનારાઓ સામે સજાની જોગવાઈમાં વધુ કડકાઈ દાખવવી, ગૌ રક્ષકોની સરકાર દ્વારા નિમણૂંક કરી તેમાં ૬૦ ટકા માલધારી સમાજના ઉમેદવારોની નિયુક્તિ સહિતની માંગ કરવામાં આવી છે.

ચોમાસુ આવ્યું સાથે મુસીબતો લાવ્યું

જિલ્લામાં વરસાદના આરંભ સાથે મચ્છરનો ઉપદ્રવ, ખદબદતી ગંદકી, વીજળીના ધાંધિયાથી પ્રજા પરેશાન : પાણીજન્ય રોગચાળાની દહેશત વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદના આરંભ સાથે અનેકવિધ સમસ્યાઓ શરૂ થઈ છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધી ગયો છે. જ્યારે વરસાદી પાણીના નિકાલના અભાવે ગોકળ ગામ ગણાતા ગામડાંમાં ખદબદતી ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. કોરોનાના સંક્રમણથી માંડ રાહત થઈ છે ત્યાં હવે ચોમાસા દરમ્યાન પાણીજન્ય રોગચાળાની પણ દહેશત સેવાઈ રહી છે. એટલું જ નહીં પરંતુ જ્યોતિગ્રામ યોજનામાં સમાવિષ્ટ ગામડાઓમાં પણ વીજળીના કાયમી ધાંધિયાથી પ્રજા પરેશાન બની છે.

ચોમાસા દરમ્યાન સરકારના તમામ વિભાગો પ્રિ-મોન્સૂન પ્લાન અંતર્ગત આગોતરા આયોજનો કરતા હોય છે. વરસાદ વરસવાની શરૂઆત થાય એટલે તમામ આયોજનો કાગળ ઉપર થતાં હોવાનો ગુબ્બારો ફૂટતો હોય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દર ચોમાસે પ્રજાની પરેશાનીઓ વધી જતી હોય છે. કપરા કોરોના કાળમાં પ્રજાને સામાન્ય રાહત મળતાં જનજીવન રાબેતા મુજબ થવા જઈ રહ્યું છે ત્યારે વરસાદના આરંભ સાથે મુશ્કેલીઓમાં વધારો થયો છે. આરોગ્ય વિભાગની તમામ કામગીરી કોરોના ઉપર અટકી છે. જેના કારણે હવે બંન્ને જિલ્લામાં મચ્છરોનો ઉપદ્રવ ત્રાસદાયક બની ગયો છે. ભેજવાળા વાતાવરણમાં મચ્છરોની ઉત્પત્તિને વેગ મળ્યો છે. એટલું જ નહીં પરંતુ ગંદકી વધતાં હવે મચ્છરજન્ય રોગચાળો માથું ઉંચકે તેવી દહેશત છે. ગામડાઓમાં વિજ તંત્રના આગોતરા આયોજનો વરસાદી પાણીમાં તણાઈ ગયા હોય તેવી સ્થિતિ હજુય જોવા મળી રહી છે. અસંખ્ય ગામડાઓમાં ચોમાસાની સીઝન શરૂ થતાંની સાથે વીજળીના ધાંધિયા કાયમી બન્યા છે. પાણીનાં તળ ઉનાળામાં ઉંડાં ગયા પછી હવે ચોમાસુ શરૂ થયા પછી પાણીજન્ય રોગચાળો વકરવાની દહેશત પણ નકારી શકાય તેમ નથી.

સાબરકાંઠા મધ્યસ્થ બેન્કની ૬૩મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ, ૯૮.૬૦ ટકા વસુલાત

કોરોનામાં મૃત્યુ પામેલા ૧૩૦૦ ખેડૂતોને શ્રદ્ધાંજલિ આપી પરિવારની ચિંતા કરાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

સાબરકાંઠા જિલ્લાની ટોચની સહકારી સંસ્થા ધી સાબરકાંઠા મધ્યસ્થ બેન્કની ૬૩ મી વાર્ષિક સાધારણ સભા ડીઝીટલ માધ્યમથી ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ. વડાપ્રધાન નરેન્દ્રમાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી થાય તે માટે અનેક યોજઓ બનાવી છે તેનું અમલીકરણ પણ બેન્ક દ્વારા થઈ રહ્યું છે. કોરોનાના કપરા કાળમાં જિલ્લાના ૧૩૨૪ ખેડૂતો મૃત્યુ પામ્યા છે તેમને શ્રદ્ધાંલિ આપવાની સાથે બેન્ક દ્વારા તેમના પરિવારની પણ ચિંતા કર્યાનું ચેરમેને જણાવ્યું હતું. જિલ્લામાં સહકારી

પ્રવૃત્તિએ કોરોના મહામારીમાં પણ સભાસદ ખેડૂતો સાથે ખભેખભા મિલાવી આર્થિક પ્રવૃત્તિને સતત ચાલુ રાખી મદદરૂપ થવાનો પ્રયાસ કર્યો. ખેડૂતો દ્વારા ૯૮.૬૦ ટકા ઉપરાંતની વસુલાત આપી બેન્કને સક્ષમ બનાવવામાં સિંહ ફાળો આપ્યો હતો.

ભારત સરકારના ડીઝીટલ ઈન્ડીયાના દેશ્યને ચરીતાર્થ કરવા બેન્ક દ્વારા તમામ ડીઝીટલ બેન્કીંગની સુવિધાઓ બેન્ક દ્વારા કરવામાં આવી છે જેના કારણે ગ્રાહકોને ઘેર બેઠાં બેન્કીંગ સુવિધાનો લાભ મળી રહ્યો છે. ૪૦૦ ઉપરાંત સહકાર સાથી બનાવી તેમને માઈક્રો એ.ટી.એમ. આપી ગ્રામ્ય કક્ષાએ ડીઝીટલ ટ્રાન્ઝેક્શનનો વ્યાપ વધરાવામાં આવ્યાનું પણ તેઓએ જણાવ્યું હતું. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાઓમાં જે તાલુકાઓમાં સૌથી વધુ કે.સી.સી. ધિરાણ અને ૧૦૦ ટકા વસુલાત કરનારી સેવા મંડળીઓના પ્રતિનિધિઓનું ચેરમેન અને બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સૌથી વધુ ડીઝીટલ ટ્રાન્ઝેક્શન કરનાર ૫ જેટલા સહકાર સાથી મિત્રોને પણ સન્માનિત કરાયા હતા. બેન્કના ચીફ એક્ઝીક્યુટીવ એચ.પી.નાયકે એજન્ડા ઉપરના તમામ કામો હાથ ઉપર લીધા હતા. તમામ સભાસદોએ સર્વાનુમતે અનુમોદન આપ્યું હતું. બેન્કના વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટીએ ડીઝીટલ માધ્યમથી ઉપસ્થિતિ તમામ સભાસદો તથા સહકારી આગેવાનોનો આભાર માન્યો હતો.

અરવલ્લીમાં ૧૦ જુલાઈના રોજ નેશનલ લોક અદાલત યોજાશે

બાયડ તા.૨૮

ગુજરાત રાજ્ય કાનૂની સત્તા મંડળ, અમદાવાદના માંગર્દર્શન હેઠળ અરવલ્લીની જિલ્લા ન્યાયાલય સંકુલની તમામ કોર્ટો અને જીલ્લાની તમામ તાલુકા કોર્ટો દ્વારા નેશનલ લોકઅદાલતનું આયોજન કરવામાં આવે છે.

જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં નેશનલ લોક અદાલતનું આયોજન ૧૦ જુલાઈ ૨૦૨૧ ને શનિવારના રોજ કરવામાં આવેલ છે. જેને પગલે નેશનલ લોકઅદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશિયેબલ એક્ટ મુજબના કેસો, ફક્ત નાનાની વસુલાતના કેસો, વાહન અકસ્માતના કેસો, લેબર તકરારના કેસો, ઈલેક્ટ્રીસિટી તથા વોટરબીલને લગતા કેસો(સિવાય બિન-સમાધાન પાત્ર કેસો),લગ્ન વિષયક (સિવાય છૂટાછેડાના) કેસો, જમીન સંપાદનનાં કેસો, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃતિનાં લાભોને લગતા કેસો, મહેસુલને લગતા કેસો, અન્ય સિવિલ કેસો જેવા કે,(ભાડાં, સુખાધિકારાના અધિકાર, મનાઈ હુકમ,વિશિષ્ટ પાલનનાં દાવા વગેરેના કેસો) મુકવામાં આવનાર છે.

જેથી આ પ્રક્રિયા અંગે વધુ માહિતી મેળવવા માટે અને પોતાનો કેસ નેશનલ લોકઅદાલતમાં મુકાવવા માટે પક્ષકારો, વિ. વકીલશ્રીઓ, વગેરે તેમનો કેસ જે વિસ્તારની કોર્ટમાં આવતો હોય, અરવલ્લીની કાનૂની સેવા સંસ્થાનાં સંપર્કો જેવા કે 'જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અરવલ્લી-૦૨૭૭૪-૨૫૦૦૯૭, તાલુકા કાનૂની સેવા સમિતિ,મોડાસા-૦૨૭૭૪-૨૫૦૦૮૬, તાલુકા કાનૂની સેવા સમિતિ, ધનસુરા-૦૨૭૭૪-૨૨૪૧૨૫, તાલુકા કાનૂની સેવા સમિતિ,બાયડ-૦૨૭૭૯-૨૨૦૨૫૩, તાલુકા કાનૂની સેવા સમિતિ-મેઘરજ-૦૨૭૭૩-૨૪૪૨૦૧, તાલુકા કાનૂની સેવા સમિતિ,માલપુર-૦૨૭૭૩-૨૨૩૨૬૧, તાલુકા કાનૂની સેવા સમિતિ,ભીલોડા-૦૨૭૭૧-૨૩૪૧૦૨'નાં નંબરો પર ફોન કરીને અથવા રૂબરૂ કોર્ટમાં સંપર્ક કરી શકાશે.

ખરીફ વાવેતર : જિલ્લામાં નકલી બિયારણ મુદ્દે ખેતીવાડી વિભાગ સફાળું જાગ્યું

બિયારણ કેન્દ્રોમાં તપાસ શરૂ, સેમ્પલ લેવાતાં નકલી બિયારણ વેચનારાઓમાં ફફડાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ચોમાસાની સીઝનમાં ખેડૂતોને નકલી બિયારણ પધરાવવાની પેરવી અચૂક થતી હોય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદના આરંભ સાથે ખરીફ વાવેતરનો ધમધમાટ શરૂ થતાં બંન્ને જિલ્લામાં બિયારણની માંગમાં વધારો થયો છે જેથી ખેડૂતો સાથે છેતરપીંડી કરનારા તત્વો ઉપર લગામ કસવા માટે ખેતીવાડી વિભાગના ઈન્સ્પેક્ટરો દ્વારા નકલી બિયારણ મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે. તંત્ર દ્વારા બિયારણ કેન્દ્રોમાં જઈ સેમ્પલ લેવાની કાર્યવાહી કરાતાં ખેડૂતોને નકલી બિયારણ પધરાવનારાઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

ખેડૂતોને પાક ઉપજના યોગ્ય ભાવ મળતા નથી ત્યાં સીઝનમાં નકલી બિયારણના કારણે ખેડૂતોને માથે હાથ દઈને રોવાનો વારો આવતો હોય છે. અન્ય સીઝન કરતાં ચોમાસા દરમ્યાન નકલી બિયારણની બોલબાલા વધી જતી હોય છે. ભૂતકાળના વર્ષોમાં ખેડૂતોને નકલી બિયારણ પધરાવવાની વ્યાપક ફરિયાદો ઉઠ્યા પછી ખેતીવાડી વિભાગ દ્વારા ઈડર સહિતના વિસ્તારોમાં તપાસ કરી બિયારણના ગોડાઉનમાંથી હલકી ગુણવત્તાના બિયારણનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ વખતે વરસાદની શરૂઆત થતાંની સાથે ખેડૂતોએ બિયારણ ખરીદવા માટે ધસારો શરૂ કર્યો છે જેમાં માંગ જોઈ ખેડૂતોને હલકી ગુણવત્તાનું બિયારણ પધરાવવા માટે ચોક્કસ તત્વો સક્રીય થયાની આશંકાઓ વચ્ચે બંન્ને જિલ્લાનું ખેતીવાડી વિભાગ એક્શન મોડમાં આવ્યું છે. ખેતીવાડી વિભાગના ઈન્સ્પેક્ટરોની ટીમ દ્વારા નકલી બિયારણનો જથ્થો પકડવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. બિયારણનો જથ્થો વેચનારા કેન્દ્રોમાં જઈ વેચાણ અર્થે રાખવામાં આવેલા બિયારણનાં સેમ્પલ લઈ પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવાની કાર્યવાહી શરૂ થઈ છે જેથી અગાઉના વર્ષોની જેમ નકલી બિયારણથી ખેડૂતોને છેતરાવવું નહીં પડે તેવું હાલ જણાઈ રહ્યું છે. ખેતીવાડી વિભાગ દ્વારા નકલી બિયારણથી સાવધ રહેવાની સાથે ખેડૂતો સર્ટીફાઈડ બિયારણોની ખરીદી કરે તેવી સલાહ આપવામાં આવી છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્મરણો રહેશે સદા ભીના - ભીના,
પ્રસંગો રહેશે હવે સુના -સુના કારમુ
મૌન છે તમારા વિના, પ્રભુને પણ
ન ગમ્યુ તમારા વિના, હશે કોઈ
ભવના પુણ્ય અમારા મળ્યો
સંસારમાં સંગાથ તમારો, પ્રભુ
તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે
એજ પ્રાર્થના...

સ્વ.કેશવભાઈ જોઈતાભાઈ પટેલ
મુ.રડોદરા, તા.બાયડ
જન્મ તા.૦૫-૧૦-૧૯૩૮
સ્વ.તા.૨૯-૦૬-૨૦૨૦, સોમવાર

લિ.
કુ.શીતલબેન કેશવલાલ પટેલ
નિલેશકુમાર પ્રવિણભાઈ પટેલ
ચાંદનીબેન નિલેશકુમાર પટેલ
તનય નિલેશકુમાર પટેલ
દેવશ્રી નિલેશકુમાર પટેલ
ચેતનકુમાર કેશવલાલ પટેલ
નિશાબેન ચેતનકુમાર પટેલ
વ્યોમ ચેતનકુમાર પટેલ
વૃષા ચેતનકુમાર પટેલ
શ્રીયા ચેતનકુમાર પટેલ
સ્વ.કોદરભાઈ જોઈતાભાઈ પટેલ
ગં.સ્વ.જેલીબેન કોદરભાઈ પટેલ
વિનુભાઈ કોદરભાઈ પટેલ
પ્રેમિલાબેન વિનુભાઈ પટેલ
બિપીનકુમાર કોદરભાઈ પટેલ
ચેતનાબેન બિપીનકુમાર પટેલ

તથા સમસ્ત વાઘાવત પરિવાર
કુર્મ : સહજાનંદ કન્સ્ટ્રકશન, વલ્લભવિદ્યાનગર
શ્રી સહજાનંદ ડેવલોપર્સ, વલ્લભવિદ્યાનગર